# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૭ • અંક ૪ • સળંગ અંક ૭૫ • મુંબઈ • ફેબ્રુઆરી, ૨૦૧૩ • પાના ૧૨ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

**શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર**

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખસ્થાનેથી...

સ્નેહી સ્વજન,
જય જિનેન્દ્ર!

*સમીપતામાં હોય છે સંબંધ કોણે કહ્યું ?*
*લાગણી માત્ર હોય છે અંધ કોણે કહ્યું ?*
*અંતરે હોય છે સુવાસ સ્પર્શી જશે –*
*માત્ર ફૂલોમાં હોય છે સુગંધ કોણે કહ્યું ?*

આપણી જિંદગીને જીવવાની દિશા કઈ? તેની ગતિ, અવગતિ કે પ્રગતિ વિચારોની અને કાર્ય કરવાની ક્ષમતા, એકસૂત્રતા અને એકાગ્રતા ઉપર નિર્ભર છે. મનપંખી તો સ્વૈર વિહારી છે. અફાટ અને અનંત આભલે નિરંતર વિચારવિહીન દિશામાં ઉડાઉડ કર્યા કરે છે. જ્યાં સુધી આપણી પાસે કાંઈ ચોક્કસ કે નિશ્ચિત ધ્યેય ન હોય, જિંદગી જીવવાના લક્ષનું ભાન ન હોય ત્યાં સુધી વિચારો સ્વચ્છંદી રીતે ગમે તેમ આડાઅવળા ત્રૂટક ત્રૂટક કોઈપણ વસ્તુ કે વિષયના આધાર સાથે કે વિના સતત અને અવિરત પણ ચાલ્યા જ કરવાના અને આમ જ આયુષ્યની જીવાદોરી અલ્પ કે વિસ્તરીત રહેવાની.

**સફળતાના પથસારથિ :**

વિચારોની અસ્થિરતાનું બિંબ કે પ્રતિબિંબ, વિચાર, વાણી કે વર્તનની એકતા આપણી ધ્યેય પ્રાપ્તિમાં સહાયક બને છે. જ્યાં સુધી આપણી આંતરદૃષ્ટિ ઉપર રાગ, દ્વેષ, મોહ, માયા કે અજ્ઞાનનું પડળ હોય તો પણ મોહયુક્ત દૃષ્ટિને કારણે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને રાગ પણ મોહયુક્ત જ રહે છે. જો સાચા જ્ઞાનની ધારાના પ્રવાહમાં આપણે પણ વહી રહ્યા હોઈએ તો અને તો જ હૃદયમાં શાંતિનો સાગર ઉદ્ભવી શકે છે. આ મનોમંથનમાંથી આપણે સદ્ગુરુ, સદ્ધર્મ, સત્સંગ કે સન્મિત્ર જ રાહ બતાવી શકે. ચોક્કસપણે આપણી નિષ્ઠા, પ્રયત્નો અને પુરુષાર્થ જ સફળતાના પથસારથિ બને છે.

જીવનમાં નકારાત્મક અભિગમનો અસ્વીકાર કરી પ્રારબ્ધ અને પુરુષાર્થ કરનાર નિશ્ચિતપણે સફળતાના સર્વોચ્ચ શિખરે બિરાજમાન થઈ શકે છે. અણમોલ સમયનું મહત્ત્વ સમયનો શ્રેષ્ઠ, મહત્તમ અને હકારાત્મક ઉપયોગ કરીને પ્રમાદને વશ થયા વગર અખૂટ સિદ્ધિને પામી શકાય છે.

**દાનગંગાનો પ્રવાહ :**

**શ્રીમતી સુધાબેન પનાલાલ ચુડઘર મેડિકલ રિલિફ ફંડ** અંતર્ગત **મફતલાલ ચુડઘર ચેરિટેબલ ટ્રસ્ટ** તથા **મે. કાંતિલાલ મણિલાલ એન્ડ કું. પરિવાર** (ચોધરીની શેરી) દ્વારા સંસ્થાને રૂા. ૫. લાખ પ્રાપ્ત થયેલ છે. વર્ષોથી અસ્તિત્વ ધરાવતા તેમના મેડિકલ રિલિફ ફંડ તથા અન્ય ફંડમાં દર વર્ષે તેઓ અવિરત વધારો કરી સહાય માટે વધેલી જરૂરિયાતને ધ્યાનમાં રાખી દાતાઓ પોતાના પ્રવર્તમાન ફંડના કોરપસમાં વધારો કરવા માટેની મંડળની વિનંતીને હકારાત્મક પ્રતિસાદ આપવા માટે માનવતાના દિપકને વધુ ને વધુ પ્રજ્વલિત કરી રહ્યા છે. સંસ્થા તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

**શાહ ફેમિલી ટ્રસ્ટ, શ્રી કેતનભાઈ હસમુખલાલ રતિલાલ શાહ** તથા **ચિ. નેમી કેતનભાઈ શાહ** (ઢંઢેરવાડો) દ્વારા સંસ્થાને પાટણ છાત્રાલય - બાલાશ્રમ મધ્યે પીવાના પાણીની પરબ માટે રૂા. ૫ લાખનું દાન જાહેર કરેલ છે તે અન્વયે રૂા. ૩ લાખ સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. આ પહેલાં પણ તેઓએ પ્રથમ પ્યાઉ માટે માતબર દાન આપેલ છે. આ પ્યાઉનો લાભ છાત્રાલયના વિદ્યાર્થીઓ, દિશાના વિકલાંગ બાળકો તેમજ છાત્રાલયના દેરાસરે આવતા ગુણીજનોને પણ મળી રહેશે.

**મેડિકલ રિલિફ કોર્પસ ફંડ** અંતર્ગત **શ્રી વિનોદચંદ્ર ડાહ્યાલાલ માટલીવાળા** (કનાસાનો પાડો) પરિવારના **શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ માટલીવાળા** તથા **શ્રીમતી દીનાબેન ભાગ્યેશભાઈ માટલીવાલા** તરફથી સંસ્થાને રૂા. ૨ લાખ પ્રાપ્ત થયેલ છે. આ પરિવાર પણ સંસ્થાની પ્રગતિની પગથારે સતત રસ લઈ સખાવત કરતો રહ્યો છે. શ્રી **દાનેશભાઈમાટલીવાળા સંસ્થાના વર્તમાન ટ્રસ્ટી છે.**

આ ઉપરાંત **શ્રીમતી અરૂણાબેન** તથા **શ્રી મૂળચંદભાઈ નાનાલાલ**

**શાહ** (કનાસાનો પાડો)ના લગ્નજીવનની ષષ્ટિપૂર્તિની ખુશાલીમાં શૈક્ષણિક તથા વિકલાંગ ઊત્કર્ષ ખાતે સંસ્થાને કુલ રૂા. ૧ લાખ ૨૦ હજારનું દાન પ્રાપ્ત થયેલ છે. સહાય સ્રોતને વધારવામાં તેઓ અવિરત સંસ્થાની પડખે રહ્યા છે.

સંસ્થા આ સર્વે લક્ષ્મીપતિ દાતાઓનો હાર્દિક આભાર માને છે.

**દુઃખદ નિધન :**

**શ્રી પાટણ જૈન મંડળ**ના અગ્રગણ્ય દાતા **શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ** (કોકાનો પાડો)નું મુંબઈ મધ્યે તા. ૧૪-૨-૨૦૧૩ના રોજ દુઃખદ નિધન થતાં સંસ્થાનો એક પ્રેરણાદીપક બુઝાયો છે. દિવંગત **શ્રી કીર્તિભાઈ** સંસ્થાની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ હતા. સ્પષ્ટવક્તા અને મક્કમ વિચારધારા ધરાવનાર મુઠ્ઠીઊંચેરા **શ્રી કીર્તિભાઈ**ના અવસાનથી પરિવારમાં ખાલીપો સર્જાયો છે. તેઓશ્રીને શ્રદ્ધાંજલિ આપતાં સંસ્થા પરિવારના દુઃખમાં સહભાગી થઈ શોક પ્રદર્શિત કરે છે.

જીવનમાં નકારાત્મક અભિગમનો અસ્વિકાર કરનાર પ્રારબ્ધ અને પુરુષાર્થ કરનાર નિશ્ચિતપણે સફળતાના સર્વોચ્ચ શિખરે બિરાજમાન થઈ શકે છે.

એક વાત તદ્દન સ્પષ્ટ છે કે આંધળું અનુકરણ એ મરણ છે અને પ્રમાદ એ મૂર્છા છે માટે પ્રમાદમાંથી બહાર નીકળી સદ્પ્રવૃત્તિ તરફ સ્પષ્ટ દિશામાં આગળ વધશું તો જીવનની સાર્થકતાનો અનુભવ થયા વગર રહેશે નહીં. કોઈપણ જાતનું પ્રલોભન સુખનો આભાસ આપી માનવીને દુઃખમાં ડૂબાડે છે માટે સતત જાગૃતિ આવશ્યક છે.

સદા સર્વદા સહયોગની અપેક્ષા સાથે... આભાર...!!!

**□પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

## દ્વિશતાબ્દી પ્રવેશે વસતીપત્રક પ્રકાશન અને અપરિણીત યુવક-યુવતી પરિચય પુસ્તિકા ફંડ માટે જાહેરખબર દ્વારા આર્થિક સહયોગ નોંધાવનારાઓની યાદી

આપ મહાનુભાવોને વિદિત છે જ કે, આપણી માતૃસંસ્થા **શ્રી પાટણ જૈન મંડળે** દીર્ઘકાલીન રચનાત્મક અને પરિણામલક્ષી સેવા અને સાધના થકી ૧૬ ડિસેમ્બર, ૨૦૧૨ ના રોજ દ્વિશતાબ્દી વર્ષમાં પ્રવેશ કર્યો છે. સંસ્થાના હોદ્દેદારો અને વ્યવસ્થાપક સમિતિએ સમાજના દરિયાવદિલ દાતાઓ તથા સમર્પિત કાર્યકરોના સાથ સહકાર સાથે દ્વિશતાબ્દી પ્રવેશની ઉજવણી કરવાનું સુનિશ્ચિત કરેલ છે. ઉજવણીના ખર્ચને પહોંચી વળવા પરિવારની સ્મૃતિ રૂપે કે ધંધાકીય જાહેરાત રૂપે શતાબ્દી વસતીપત્રકમાં તેમ જ અપરિણીત યુવક-યુવતી પરિચય પુસ્તિકામાં જાહેરાત સ્વીકારવાનું નક્કી કરેલ છે.

### અપરિણીત યુવક-યુવતી પરિચય પુસ્તિકા– ૨૦૧૨

**● Back Cover Page Rs. 1,00,000/-**

- Patan Co-op. Bank Ltd.

**● Inside Cover Page Rs. 50,000/-**

- Mahendrabhai Rikhavchand Shah Parivar
- Reshmo Mac Tools

### દ્વિશતાબ્દી વસતી પત્રક – ૨૦૧૨

**● Back Cover Page : Rs. 5,00,000/-**

- Smt. Pannaben Kapurchand Sonawala

**● Inside Cover Page : Rs. 2,50,000/-**

- Precision Bearing Pvt. Ltd.
- New India Construction Co.

**● Full Page : Rs. 1,00,000/-**

- Patan Co-op. Bank Ltd.
- Sevantilal Kantilal & Co.
- Pradipkumar Pharma Pvt. Ltd.
- Mihir Engineers (Pvt.) Ltd.
- K. Sevantilal & Co.
- Axis Electricals [Kandarpbhai Khandwala]
- Sureshbhai Amrutlal Shah (Bhabha no Pado)
- Foto Fast
- Shubhada Polymers Pvt. Ltd.
- Rushabh Sambhav Group
- Micron Platers
- Navinchandra Gabhruchand Shah Parivar
- Dr. Jashvantlal Manilal Shah (Bhabha no Pado)
- Munnabhai Chandulal Shah
- Vasu Chemicals
- Smt.Shardaben Mahendrabhai Rikhavchand Shah Parivar
- Babu Narendrakumar Vijaykumar Panalal

**● Half Page : Rs. 50,000/-**

- Shubhada Pharma (Navinbhai Gunderwala)
- Mahasukhlal Popatlal Shah
- Ketanbhai Hasmukhlal Shah

**● Quarter Page : Rs. 25,000/-**

- Jayantilal Manilal Shah (Devdawala) Parivar
- H. Sharad & Co.
- Jatinbhai Popatlal Shah
- Jayantilal Fatehchand Foundation
- M/s. M. K. Gems (Rakesh Surendrabhai Shah)

**● Strip : Rs. 15,000/-**

- Shri. J. K. Shah & Family
- Pharmica
- Nehaj Enterprise
- Janak Arvindkumar Shah
- M/s. Shubhada Enterprise
- Shri Vikrambhai Nemchand Shah
- Smt. Nirmalaben Ravindrabhai Shah Parivar
- Bhadrakumar Manilal Shah & Family
- Sudhirbhai Navinchandra Shah
- Dr. Snehal Tarachand Sanghavi
- Shri Vadilal Chunilal Shah Cheritable Trust
- M/s. A. C. Zaveri & Co
- M/s. Rushabh Enterprise
- Sevantilal Dalpatchand Shah
- Amit Corporation

**ખાસ નોંધ : એકત્રિત થનાર કુલ ફંડમાંથી નિર્ધારેલ ખર્ચ બાદ કરતાં જે રકમ વધશે તેને સમાજ વિકાસ ફંડ-ભેટ ખાતે લઈ જવામાં આવશે.**

## તંત્રીસ્થાનેથી...

માનવ જીવન એક સતત વહેતો પ્રવાહ છે જેને વહી કે ડુબી ગયા વિના કિનારા પરથી જોવો એ જીવવાની એક રીત હોઈ શકે છે. જોનારામાં ક્ષમતા હોય તો એટેચમેન્ટ અને ડિટેચમેન્ટનું એક અનેરૂં સંયોજન સાધી સાક્ષીભાવે તે જીવી શકે. આમાં પણ આનંદ અને પીડા બન્ને હોઈ શકે છે. જીવનનું, સંબંધોનું, માનવ સ્વભાવનું આ સ્તર પરથી થયેલું અર્થઘટન હૈયાને હચમચાવી જાય છે.

ભારતની રાજધાની દિલ્હીના **'ઈન્ડિયા ગેટ'**થી લઈને મહા મોહિની ધરાવતા મુંબઈના **'ગેટવે ઓફ ઈન્ડિયા'** સુધી સમગ્ર દેશની જનતાને ધ્રૂજાવી દેનારા **'દિલ્હી રેપ કેસ'** બાબત પ્રીન્ટ મિડીયામાં ઘણું બધું લખાઈ ચૂક્યું છે તેમજ ઈલેકટ્રોનિક મિડીયા દ્વારા (ટી.વી. પર) ઘણું ચર્ચાઈ ચૂક્યું છે. છતાં આ વિષયનો આ કોલમમાં ઉલ્લેખ કરવો એટલે જરૂરી છે કે આપણાં શિક્ષિત અને સમૃદ્ધ સમાજમાં પણ આપણી (સ્ત્રી-પુરૂષ બંનેની) પુરુષ પ્રધાન સમાજની માનસિકતાને પ્રમાણિકતાથી દિલો-દિમાગમાંથી નથી કાઢી શક્યા કે નથી ખંખેરી શક્યા.

જીવદયાના પુરસ્કર્તા આપણા ધર્મ અને સમાજમાં મન, વચન અને કાયાથી કોઈને પણ નુકશાન ન પહોંચાડવા આપણે ધાર્મિક અવસરે કટિબદ્ધતા વ્યક્ત કરતાં હોઈએ છીએ. પરંતુ શું આપણી રોજ-બરોજની જીંદગીમાં આપણા ઘર-ઑફિસ કે સમાજમાં આપણે પ્રમાણિકતાથી નારી સ્વાતંત્ર્યતાના અને સમાનતાના સિદ્ધાંતોને અનુસરીએ છીએ ખરા? પ્રમાણિકપણે પ્રશ્નનો જવાબ આપણો માહ્યલો જ આપી શકે.

વાસ્તવિકતા ચોક્કસપણે કડવી અને કપરી હોય છે માટે હકિકતમાં તેની સામે કાળા માથાના માનવીનું કંઈ જ ચાલતું કે ઊપજતું નથી અને છતાં પણ તેની સચ્ચાઈ, સંઘર્ષ અને પુરુષાર્થની એક ગરિમા હોય છે. આ ગરિમા જ તમામ ક્ષુદ્રતાઓ વચ્ચે જીવનને એક મૂલ્ય, પરિમાણ અને પરિણામ આપે છે.

શિક્ષણથી સ્ત્રી-પુરુષની વિચારવાની શક્તિ વધે છે છતાં પણ આજે સ્ત્રીઓએ સમાજમાં કે સંસ્થામાં કયું પદ સ્વીકારવું, શું પહેરવું, કોની સાથે બોલવું, ન બોલવું, ક્યાં જવું, ન જવું તેમજ કયા સમયે જવું, ન જવું આ અને આવી અનેક બાબતોમાં સ્વતંત્ર નિર્ણય લેતાં પહેલાં આપણા દેશ અને સમાજની પુરુષપ્રધાન માનસિકતામાંથી જાણ્યે-અજાણ્યે પસાર થવું જ પડે છે. આ માનસિકતા તેના નિર્ણયની આડે આવી સ્ત્રીની પ્રગતિને રૂંધે છે. શિક્ષણ સ્ત્રીઓને પોતાના હક્કો પ્રત્યે જરૂરથી સજાગ કરે છે પરંતુ આ અંગે પુરુષોને પણ સજાગ કરવા એટલું જ આવશ્યક છે. કારણ કે એક નારીના જીવનમાં તેના પિતા, ભાઈ, પતિ, પુત્ર, મિત્ર તેમજ સસરા ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે તેથી આ સર્વેનો સમાનતા ભર્યો અભિગમ જ લાંબે ગાળે સ્ત્રીઓને અસમાનતાની અસલામતીમાંથી સમાનતાની સલામતીમાં લાવી શકશે. આજે અમુક શિક્ષિત સ્ત્રીઓ હિંમત કરીને લડત આપે છે પણ મહદ્ અંશે સ્ત્રીઓ આવી અસમાનતા અપનાવીને સ્વીકારી લે છે. બીજા શબ્દોમાં કહીએ તો કમને પણ તેને દિલ અને દિમાગ સાથે Compromise (સમાધાન) કરવું પડે છે. આ પરિસ્થિતિને બદલવા, આપણા દેશમાં સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે સમાનતા લાવવી હોય તો પત્ની સાથે સમાન અને સન્માનપૂર્વક વર્તન કરીએ. 'પુરુષ પ્રધાન સમાજ'ની અનિચ્છિત માનસિકતાને છોડીએ, સાથે સાથે નારી નારાયણી ન બની શકે તો પણ સાચા અર્થમાં જીવનસંગિની બની ઔદાર્ય, માન-મર્યાદા સાચવે તેવી અપેક્ષા પણ અસ્થાને નથી જ.

**□ સંપાદકસમિતિ**


# PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. **Tele. 22817444 / 22815290**

E-mail : patanbank@yahoo.co.in ● **Telefax : 22816513**

**Profit (Audited) Rs. 173.49 lacs (as on 31/03/2012)**

**WE OFFER**

- Rate of Interest on c/c facility from 13% p.a. to 14.50% based on credit rating.
- Gold Loan-12.00% p.a.
- View facility for a/c transcations on web site.
- SMS-banking facility
- Personalised cheque books
- L/c-Discounting
- Housing & Vehicle Loan
- Net-NPA - `Zero'
- No TDS on members deposits
- RTGS & NEFT- Facility

(ADVT)


**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનો દ્વિશતાબ્દી પ્રવેશ**

# સુવર્ણ મિલન સમારોહ

## પચાસ પચાસ વર્ષ પછી ફરી એકવાર એ શાળા જીવંત બની

શાળાનો અભ્યાસ પૂર્ણ થયા બાદ, થોડા જ સમયમાં તમામ મિત્રો એકબીજાથી છુટા પડી જાય છે. ફરી આ કલાસને જીવંત બનાવવો અઘરૂ થઈ પડે છે. **શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય,** પાટણમાંથી સને **૧૯૬૨-૬૩** દરમ્યાન એસ.એસ.સી. (S.S.C.) પાસ કરી છુટા પડેલ સહાધ્યાયીઓને ૫૦ વર્ષના લાંબા ગાળા બાદ, કોઈપણ જાતની આશા અપેક્ષા વગર માત્ર જૂની યાદો વાગોળવા તથા માત્ર ને માત્ર નિર્ભેળ આનંદ માણવાના ઉદ્દેશથી **શ્રી બી. ડી. સાર્વજનિક વિદ્યાલય,** પાટણના પટાંગણમાં ૨૭-૨૮ જાન્યુઆરી, ૨૦૧૩ એમ બે દિવસ સુવર્ણ મિલન સમારોહનું આયોજન કરાયું હતું. ગુરુ દેવો ભવનો ઋણ સ્વીકાર તેમજ વર્તમાન ટ્રસ્ટીઓના સન્માનનું આયોજન કરવામાં આવેલ. આ અનોખા આયોજનનો વિચાર તેમજ અમલમાં લાવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી પ્રિયવદન રમણલાલ શાહ** અને તેમના સહાધ્યાયી મિત્રોના સહકારથી આ ભગીરથ કાર્ય સંપન્ન થયું. ૧૪૭ સહાધ્યાયીઓ તેમજ હયાત ૨૨ ગુરુજનો ઉપસ્થિત રહ્યા હતા.

૨૭ જાન્યુઆરી-૨૦૧૩ના રોજ સવારના આઠ વાગ્યાથી કાર્યક્રમની શરૂઆત થઈ. વિદ્યાર્થીઓ, કુટુંબીજનો, પૂજ્ય ગુરુજનો તેમજ મહેમાનો શ્રી બી. ડી. હાઈસ્કૂલના પટાંગણે ખાસ બંધાયેલ મંડપમાં પ્રવેશ્યા.

નવકારશી બાદ ગણેશજીની સ્થાપના કરી સંસ્થાના નેવું વર્ષ કરતાં વધુ ઉંમરના શ્રી ગોડબોલે સાહેબના વરદ્ હસ્તે, દિપ પ્રાગટ્ય કરી, કાર્યક્રમની શરૂઆત થઈ. આરંભમાં કોકિલકંઠી **શ્રીમતી ભારતીબેન શાહે** સુમધુર સ્વરોમાં સ્તુતી પ્રાર્થના કરી વાતાવરણને ભક્તિસંગીતથી તરબોળ કરી દીધું. સ્વાગત પ્રવચન **શ્રી શાંતિભાઈ ત્રિવેદી** દ્વારા કરવામાં આવ્યું. પચાસ વર્ષ બાદ ભેગા મળતા એક બીજાને ચહેરાથી પણ ઓળખવા મુશ્કેલ પડે તેવા સંજોગોમાં. 'તને સાંભરે રે...મને કેમ વિસરે રે...' એમ આનંદ ગોષ્ઠિ ચાલી.

**શ્રી પાટણ જૈન મંડળ** સંચાલિત સુરમ્ય બાલવાટિકાના દાતાશ્રી દ્વારા કરવામાં આવેલ અનાવરણ વિધીમાં તમામ મિત્રોએ ઉપસ્થિત રહી પ્રસંગને દિપાવ્યો જેમાં વિદ્યાર્થી મિત્રો, ગુરુજનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ ગુરુજનો તેમજ વર્તમાન ટ્રસ્ટીઓનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે વયોવૃદ્ધ **શ્રી ગોડબોલે સાહેબ** જેઓ નાદુરસ્ત તબિયતે અમદાવાદથી સહકુટુંબ પધારેલ તેમણે મનનીય વાતો કરી જે અવિસ્મરણિય રહેશે.

રાત્રે આઠના ટકોરે **શ્રી બી. ડી. સાર્વજનિક હાઈસ્કૂલ**ના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો અને ત્યારબાદ સુગમ સંગીતમાં ગઝલો અને ગુજરાતી ગીતોની રજૂઆતે શ્રોતાઓને પ્રફુલ્લિત કરી દીધા.

જાન્યુઆરી ૨૮, ૨૦૧૩નો કાર્યક્રમ પાટણના પ્રખ્યાત પટોળાના બેનમુન કારીગર અને શ્રી બી. ડી. હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી એવા **શ્રી વિજયભાઈ સાળવી**ના પટોળાવાળા ફાર્મ પર રાખવામાં આવ્યો હતો. શ્રી વિજયભાઈ સાળવી કુદરતી જડીબુટ્ટીઓ અને આયુર્વેદના સારા જાણકાર છે. સવારની નવકારશી બાદ સહાધ્યાયીઓને તેમના દર્દો તથા આયુર્વેદિક ઉપચાર માટે તેમના સલાહ-સૂચનો મેળવ્યા. શાળાના ભૂતપૂર્વ ગુરુજન જેઓ દિક્ષાર્થી છે તે પ્રિયદર્શન મહારાજશ્રીના આધ્યાત્મિક પ્રવચનનો અલભ્ય લાભ સર્વે શ્રોતાજનોને શ્રદ્ધા-ભક્તિના રસમાં તરબોળ કરી ગયો. પ્રશ્નોત્તરી દરમ્યાન તેઓશ્રીએ ગૂઢ પ્રશ્નોનું ઉત્તમોત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું. ભૂતપૂર્વ શિક્ષિકા અને સિદ્ધપુરના યોગાંજલી કેળવણી મંડળ સંચાલિત કેળવણી મંડળના અધિષ્ઠાતા એવા **પૂજ્ય રમીલાબેન ગાંધીએ** જીવન પરિવર્તન તથા જ્ઞાન, કર્મ-ભક્તિ દ્વારા જીવનના ઘડતર વિષે મનનીય વક્તવ્ય આપ્યું.

**શ્રી પ્રિયવદન શાહ પરિવાર** તરફથી સ્મૃતિ-ચિહ્નનું વિતરણ કરવામાં આવ્યું. ક્યારેક ફુરસદના સમયે એક બીજા સાથે હાય-હલ્લો કરીને આ **ગોલ્ડન ગેધરીંગ**ની ભાવનાને જીવંત રાખવાની ભાવના સાથે ફરી મળવાની શુભેચ્છા વ્યક્ત કરતાં સૌ વિખરાયા. સાથે જ **શ્રી બી. ડી. સાર્વજનિક હાઈસ્કૂલ**, પાટણના આચાર્યશ્રી બળવંતભાઈ દેસાઈ બધા જ કાર્યક્રમમાં તેમના વર્તમાન શિક્ષકગણ સાથે ખડે પગે હાજર રહેલ, તેમનો તેમજ શાળાના સંચાલક ગણ, હોદ્દેદારો તથા સાથ-સહકાર આપનાર સર્વેનો આભાર માનવામાં આવેલ.

* * *


**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ :** ESTD : ૧૯૯૮

**૧૫મા વર્ષમાં પદાર્પણ...પાટણ પરિવારના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો**

**અલ્પા મેરેજ બ્યુરો**

આપણા માટે નવી સુવીધા સાથે...ડાયરેક્ટ મીટીંગની વ્યવસ્થા

સ્પેશ્યલ કલાસ માટે ઈ-મેઈલ ફેસીલીટી. **વધુ વિગત માટે સંપર્ક :**

**શ્રીમતી અલ્પા શાહ : ૮૦૮૦૫૪૭૪૨૪ - ૯૮૨૩૨૧૮૭૪૬**

સમય : ૧૧-૦૦ થી ૫-૦૦. Email : alpashah5@yahoo.co.in

**દર અમાસે મેરેજ બ્યુરો બંધ રહેશે.** ADVT



MATRIMONIAL

**NAME : SIDDHARTH DHIREN JASWA**

Father : Dhiren Navinchandra Jaswa

Mother : Rita Dhiren Jaswa

Mahollo (Father): Kasumbiya Vado

Birth Date : 24 January, 1985.

Birth Time : 7.00 pm at Patan. Height : 5 ft. 7.5 inches

Qualification : Master in Management Studies (MMS) Specialized in Finance from Mumbai University through IES Management College & B. Com.

Profession : Investment Banking—

Salubrious Capital Advisors in to Mergers & Acquisitions.

Residence : 103, Varun Amin Villa, 17, Dattatraya Road, Santacruz (West), Mumbai-400 054.

Mobile : +91-9920456552;

Landline : 022-26616044.

Email : sjaswa@gmail.com

Advt

## હાર્દિક અભિનંદન

● **શ્રી ધીરુભાઈ અંબાણી સ્કૂલ**ના Upper K. G. માં ભણતા **ચિ. દેવ રાહુલ અનિલ શાહ** (ઉ. વ. ૫-ખડા ખોટડીનો પાડો) તા. ૧૯ ડિસેમ્બરના રોજ દિલ્હીમાં યોજાયેલ એશિયન સ્કૂલ્સ રેપિડ ચેસ ચેમ્પિયનશીપમાં બે ગોલ્ડ મેડલ અને એક સિલ્વર મેડલ જીતીને, પ્રથમ ખેલાડી સૌથી નાની બાળવયમાં બનવાનું બહુમાન મેળવ્યું છે. તે બદલ પાટણનું, પરિવારનું તેમ જ સ્કૂલનું અને ભારતનું ગૌરવ વધાર્યું છે. નીતા મુકેશ અંબાણીએ વિશેષ સમારંભ યોજીને દેવનું બહુમાન કર્યું હતું.ચિ. દેવને અભિનંદન.

● કટકીયાવાડાના **શ્રી રમેશચંદ્ર મોતીલાલ શાહ**ની પૌત્રી **કુ. ધ્રુવી સંદીપભાઈ શાહ** ઉ. વ. ૧૪નું ૨૦૧૨ની-ડિસેમ્બરમાં કે. સી. કૉલેજમાં 'આરંગેત્રમ્' સંપન્ન થયું. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય **શ્રી મંગલ પ્રભાત લોઢા, મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ આર. શાહ** તેમજ પાટણના શ્રેષ્ઠી **શ્રી વિરેન્દ્રભાઈ પી. શાહ** તેમજ આપણા સમાજના સમુદાયે ઉપસ્થિત રહી **કુ. ધ્રુવીની** આ વિષયમાં Master's કરવાની ઈચ્છાને સફળતા મળે તેવી શુભેચ્છા સાથે આશિર્વાદ આપ્યા હતા.

## અસ્તિત્વનો આવિર્ભાવ
## સુશીલા અમીચંદ શાંતિનિકેતન

ઉક્ત ધર્મશાળાનો ઉદ્‌ઘાટન સમારોહ શનિવાર, તા. ૨૨-૧૨-૨૦૧૨ના રોજ પાટણ મધ્યે રંગેચંગે સંપન્ન થયો, જેનો અહેવાલ 'પાટણ પ્રતિબિંબ'ના ગતાંકમાં આપેલ હતો. શ્રી પંચાસરા પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીવર્ય **શ્રી કીર્તિલાલ મફતલાલ શાહે** પણ શાંતિનિકેતનના બાંધકામમાં તન,મન,ધનથી અદ્‌ભુત અને અનન્ય કાર્ય કરેલ છે, જેની નોંધ લઈએ છીએ. સંસ્થા તેમના અપૂર્વ યોગદાન બદલ ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે. સરતચૂકથી થયેલ ભૂલ બદલ ક્ષમાયાચના.

**શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલય ટ્રસ્ટ**
**ટ્રસ્ટીઓ**

## ઓઢણીને આભલે !

*યમુના તીરે રાસ રમી હૈયાને હરતો શ્યામ,*
*આંખડી મીંચું મારી અને ભાળું અણગારો શ્યામ;*
*છેલ છોગાળો મને છંછેડતો છડેચોક શ્યામ,*
*અસ્તિત્વની આભાના ઓજસને પાથરતો શ્યામ!*

*કાળી ડિબાંગ ઘટા ઘનઘોર અને ઘેલો શ્યામ,*
*આંખની અટારી ઓળંગી અંગેઅંગ વ્યાપ્યો શ્યામ;*
*શમણાંની ક્ષિતિજે ભરમાયો સાંવરિયો શ્યામ,*
*વેણુનો વરતારે, ઝાંઝરમાં ઝણકે છે શ્યામ!*

*વિરહને વાગોળતી મીરાના માહ્યલામાં શ્યામ,*
*કદમ્બ ડાળે મહોરતા પેલા મોરપીંછમાં શ્યામ;*
*પાંપણ પલાળી, પાલવે પગરવ કરો શ્યામ,*
*એકલતા અજાણી, તમે સપને સતાવો શ્યામ!*

*અફાટ આંખડી, ઘૂઘવતા દરિયે તમે શ્યામ,*
*દીલડું આપી દિલને, નીરખું છોગાળો શ્યામ;*
*ઓઢણીને આભલે, યુ બી માય વેલેન્ટાઈન શ્યામ,*
*મનડું વસંતે મરકે, મોરલીની ગૂંજે શ્યામ!*

**મ.ને.**

## છેલ્લી તક...

**તા. ૩૧-૦૩-૨૦૧૩ સુધી શ્રી પાટણ જૈન મંડળની વિવિધ સહાયક પ્રવૃત્તિઓમાં રૂા. એક લાખનું દાન આપી સંસ્થાની વ્યવસ્થાપક સમિતિના કાયમી સભાસદ થવાની છેલ્લી તક...**

**તા. ૧-૪-૨૦૧૩ થી આ દાનની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/- થશે, જેની નોંધ લેશો.**

**❑ શ્રી પાટણ જૈન મંડળ**


**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય:મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કુાં., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

| | કાયમી લાપસી તિથિ | આધાર સ્થંભ | કાયમી નિભાલ ફંડ | જીવદયા | ઘાસચારો |
|---|---|---|---|---|---|
| શ્રીમતી નીલમબેન ચંપકલાલ શાહ, | ૩૧૦૦૦ | —- | ૫૧૦૦૦ | — | ૭૦૦૦ |
| મે. વીબ્રો ફાર્મા, ભાભાનો પાડો | ૩૧૦૦૦ | —- | — | — | —- |
| શ્રીમતી વસુમતીબેન પ્રતાપભાઈ શાહ, | ૩૧૦૦૦ | — | — | — | — |
| શ્રીમતી ચંદ્રાવતીબેન ભગવાનદાસ | — | ૨૧૦૦૦ | — | — | — |
| શ્રીમતી શારદાબેન બાબુલાલ શાહ, કનાસાનો પાડો | — | ૨૧૦૦૦ | — | — | — |
| શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ શ્રી એસ. જે. એસ. ઉપાશ્રય, વાલકેશ્વર | — | — | ૫૧૦૦૦ | — | — |
| મે. જે. બી. પટેલ ગ્રુપ | — | — | — | ૩૦૦૦૦ | — |
| શ્રી જિનભક્તિ મહિલા મંડળ | — | — | — | ૧૧૦૦૦ | —- |
| શ્રી સીમલા હાઉસ જૈન સંઘ | — | — | — | ૧૧૦૦૦ | — |
| શ્રી વિલેપાર્લે શ્વે. મૂ. પૂ. જૈન સંઘ | — | — | — | ૧૦૦૦૦ | —- |
| મે. સ્વસ્તિક ગ્રુપ ઑફ પાટણવાલા, અંધેરી (પૂર્વ) | — | ૨૧૦૦૦ | — | — | —- |
| શ્રીમતી ભૂમિબેન જગદીશભાઈ પટેલ | — | —- | —- | ૧૧૦૦૦ | —- |
| શ્રી રમેશભાઈ છબીલદાસ જવેરી ગ્રુપ, મનમોહનજીની શેરી | — | — | — | ૩૦૦૦૦ | — |
| શ્રી ફોર્ટ તપાગચ્છ મૂ. પૂ. શ્વે. જૈન સંઘ | — | —- | —- | ૩૧૦૦૦ | —- |
| શ્રી જીતેનભાઈ રમેશભાઈ શાહ ગ્રુપ, કનાસાનો પાડો | —- | —- | — | ૪૦૮૬૦ | — |
| શ્રીમતી વિમળાબેન મહસુખલાલ કેશવલાલ શાહ, મારફતીયા મહેતાનો પાડો | — | ૨૧૦૦૦ | — | — | —- |
| શ્રી વસંતલાલ ચીમનલાલ શાહ | —- | — | — | — | ૨૦૦૦૦ |
| શ્રીમતી પ્રીતિબેન અને મિનલબેન | —- | ૨૧૦૦૦ | — | — | — |
| | ૯૩૦૦૦ | ૧૦૫૦૦૦ | ૧૦૨૦૦૦ | ૧૭૪૮૬૦ | ૨૭૦૦૦ |

સૌજન્ય : મે. વાસુ) કેમિકલ્સ, મુંબઈ.

ADVT

# પુત્રવધૂ નહીં પણ દીકરી !

તન-મનની આઝાદીનો સુવર્ણ દિવસ રવિવારની રક્તવર્ણી સંધ્યા મનને તરબતર કરી દેતી હતી ત્યારે હું ગાર્ડનમાં સૌંદર્ય માણી રહ્યો હતો. ત્યાં જૂના સ્નેહીશ્રી નિલેશભાઈ મળી ગયા. અમો તીખી-તમતમતી સેવ જેવી વાતો અને ગળ્યા 'ગુલાબજાંબુ' જેવી ગપસપનો ખૂબ જ આનંદ માણી રહ્યા હતા ત્યારે શ્રી નિલેશભાઈએ તેમના ઘરે આવવા ખૂબ જ આગ્રહ કર્યો. ઘણી ના પાડવા છતાં તેઓ ન માન્યા અને મારે તેમના આગ્રહને વશ થવું પડ્યું.

ભાવભર્યા સ્મિત સાથે તેમના પુત્રવધૂએ સ્વાગત કર્યું. પાણી આપતી વખતે નિલેશભાઈએ ઓળખાણ કરાવતાં કહ્યું, 'આ મારા મોટા પુત્ર રમેશની પત્ની તારા કેથલિક છે. પણ અમારા ઘરની જેમ જ આપણો જૈન ધર્મ પૂરેપૂરો અપનાવ્યો છે અને તે પ્રમાણે બધું જ કરે છે.'

'સરસ.' હું ભારે અહોભાવપૂર્વક બોલ્યો

'દૂધમાં સાકર ભળી જાય અને દૂધને મીઠું મધુરું બનાવે તેમ તારા પણ ઘરના બધાને પ્રિય થઈ ગઈ. તેઓ બંને સાથે ભણતા હતા. સાથે જ કામ કરતા હતા. પછી લગ્ન કર્યા છે.' નિલેશભાઈ બોલ્યા.

'સરસ... લોકો જાણતા થયા પછી લગ્ન કર્યા આ તો સોનામાં સુગંધ ભળી.' આમ મેં કહ્યું.

મારા આ શબ્દો પુત્રવધૂ તારાના કાને પડ્યા અને તરત જ પુષ્પોના પમરાટની જેમ મહેકતી તે બોલી.

'અંકલ, તમે કઈ સદીમાં છો ?'

'કેમ આપણે બધા જ ૨૧મી સદીમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ અને સંપૂર્ણ કૉમ્પ્યુટર યુગમાં છીએ, અને પ્રેમ કરવો એ ગુનો નથી. તેમ જ પ્રેમ એ કંઈ ચોરી છૂપીનો માલ નથી.'

'અંકલ અત્યાર સુધી પપ્પાએ જેમની સાથે મારી ઓળખાણ જન્મે કેથલિક તરીકે કરાવી ત્યારે બધા જ કેથલિક કહીને આશ્ચર્ય વ્યક્ત કરતા, ત્યારે તમો એકલાએ જ આવા સરસ ઉદ્‌ગાર કાઢ્યા.'

ત્યાં તો સ્નેહીની પત્ની એકદમ બોલી ઊઠ્યા. 'સુરેશભાઈ, મારા માટે તો તારા આશીર્વાદ સમી 'પુત્રવધૂ નહીં પણ દીકરી છે.'

'કઈ રીતે ?' તે જાણવાની ઇંતેજારી મને થઈ એટલે તેમણે તારાને કહ્યું, 'બેટા તું જ કહીશ તો મને ખૂબ જ ગમશે.'

'અંકલ, અમો બધા જ કામ કરવા જઈએ છીએ, ફક્ત મમ્મી જ બહાર કામ કરવા જતાં નથી પણ ઘરમાં જ રહીને મહત્ત્વના કામકાજ, કારભાર ઘરની જાળવણી, વ્યવસ્થા, વટવ્યવહાર અને મોભો જાળવે છે. તદુપરાંત મારા નાનકડાં દીકરા-દીકરીને અધિકતમ પ્યાર અને લાગણીથી સાચવે છે. સારા સંસ્કાર સાથે ધાર્મિક શિક્ષણ આપે છે, જે સૌથી વધુ અગત્યનું છે. અમો બધા જ મમ્મીને જોઇતા પૈસા આપીએ છીએ. પણ તેમાં તેમની માલિકી કેટલી ? કોઈ પૂછે તો જવાબ આપવો પડે. અમને તો વર્ષના અંતે બોનસ અને ઓવરટાઈમ પણ મળે છે. એટલે મને થયું કે અમારે બધાએ પોતપોતાનો એક માસનો પગાર મમ્મીને આપવો. તે પૈસા તેમની માલિકીના. તેમને ફાવે તેમ ઉપયોગ કરી શકે કે વાપરી શકે !'

ત્યાં તો સ્નેહીના પત્નીએ કહ્યું કે, 'આટલું જ નહિ, પણ તે મારા માટે નિતનવી મેચિંગ સાડી-ડ્રેસ, રૂમાલ, ચંપલ અને પર્સ પણ મને કીધા વગર અવારનવાર લેતી આવે છે.'

આ વાત જાણી મેં અગણિત આનંદ સ્પંદન અનુભવ્યું અને કહ્યું, 'દીકરો તો એક કુળને ઉજાળે છે પણ તેં તો બે કુળને ઊજાળ્યાં પિયરનાં અને સાસરાના. તે માતાને પૃથ્વી પરના પ્રભુના આવિષ્કાર સમાન ગણી માટે ધન્ય છે. તારાઓ આકાશની કવિતા છે તો માતા પૃથ્વીની કવિતા છે. જે ઘરમાં માતા હસતી રહેતી હોય ત્યાં જ હંમેશાં ઈશ્વરની કૃપા દૃષ્ટિ રહે છે.

એક શાયરે સરસ કહ્યું છે,

*'સન્નારી હી સદા દેશ મેં...અભિનવ જ્યોત જલાતી હૈં.*
*સુંદર ઉજ્જવલ આદર્શોં સે ઘરકો સ્વર્ગ બનાતી હૈ..*

**☐ શ્રી સુરેશ સુરજમલ ચોધરી**



# સંસ્થા સમાચાર

## શાંતિનાથની પોળ પંચાન્હિકા મહોત્સવ

તા. ૨૨-૧૨-૧૨ થી તા. ૨૯-૧૨-૧૨ સુધીના દિવસો દરમ્યાન પાટણ **શાંતિનાથની પોળ** (અદુવાસીનો પાડો) ખાતે પંચાન્હિકા મહોત્સવનું ખૂબ જ શાનદાર આયોજન, મહોલ્લાના પરિવારો તરફથી કરવામાં આવ્યું હતું. અંદાજિત ૨૫૦ની સંખ્યામાં મહોલ્લાના ભાઈ-બહેનોએ આ મહોત્સવમાં હાજર રહી પ્રભુ ભક્તિનો ઉત્કૃષ્ટ લાભ લીધો હતો. વિવિધ પ્રકારના અનુષ્ઠાનો, ભવ્યાતિભવ્ય દાદાની આંગી, ભાવના, પાંચ બેન્ડવાજા સાથેનો મોટો વરઘોડો વિગેરે કાર્યક્રમો દ્વારા જૈન શાસનનું ગૌરવ વધાર્યું હતું. પાંચે દિવસ મનભાવન વિવિધ પ્રકારની વાનગીઓનો આસ્વાદ સૌએ માણ્યો હતો. મનોરંજન કાર્યક્રમોમાં વિવિધ રમત-ગમતો, નાટકો, ગીતો, ફેન્સી ડ્રેસ હરીફાઈ વિગેરે રાખવામાં આવેલ. સાથે લક્કી ડ્રો દ્વારા આકર્ષક ઈનામો આપવામાં આવ્યા હતા. મહોલ્લાનાં પરિવારોએ ખૂબ જ સુંદર રીતે તન-મન-ધનથી સાથ-સહકાર આપી, મહોત્સવને સફળતા અપાવી હતી.

## શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ

શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય, ભૂ. પૂ. વિદ્યાર્થી મંડળનું દ્વિતીય સ્નેહ મિલન પરિવાર સાથે તા. ૬ જાન્યુ. ૨૦૧૩, રવિવારે **'જીવન ભારતી'** શાળામાં સવારે ૧૦ કલાકે રાખવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, નવકારમંત્ર અને ચિ. ખુશી હેમલ શાહના સરસ્વતીવંદના સાથે સ્વાગત નૃત્યથી થઈ હતી. **ઉપપ્રમુખ શ્રી સેવંતીભાઈ મહેતાએ** સ્વાગત પ્રવચન કર્યું હતું. **મીનલ મ્યુઝીક**ના પ્રસંગોચિત્ત ગીતોથી સ્નેહ મિલન સંગીતમય બન્યું હતું.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ફ્લેશ બેકમાં શૈશવના સંસ્મરણોમાં લઈ જતો રસપ્રદ કાર્યક્રમ 'બોર્ડીંગ દર્શન', 'શાળા દર્શન' જેમાં '૧૨x૧૨'ની સ્ક્રીન પર પ્રોજેક્ટ દ્વારા બોર્ડીંગ અને શાળાના દૃશ્યોને કલાત્મક કોમેન્ટ્રીથી બતાવવામાં આવ્યો, જેમાં સૌ. મંત્રમુગ્ધ બની ગયા. મુંબઈથી ખાસ પધારેલા શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી બી. ડી. સાર્વજનિક વિદ્યાલયના માનદ્ **મંત્રી શ્રી યશવંતભાઈ ઝવેરીએ** મંચ પર વિશેષ સ્થાન ગ્રહણ કર્યું હતું. તેમનું બુકે તથા બુક આપીને સન્માન કરતાં તેમનો પરિચય **શ્રી ભરતભાઈ એસ. શાહે** આપ્યો હતો. **શ્રી ગોરધનભાઈ પ્રજાપતીએ** ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની સ્થાપનાથી આજદિન સુધીની વિસ્તૃત માહિતી આપી, સંસ્થાને વધુ સદ્ધર બનાવવાના શુભાશયથી નાણાંની સહાય કરવા બાબત આપીલ કરતાં સુંદર પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો અને ભવિષ્યમા આવું સંગઠન મુંબઈ, અમદાવાદ તેમજ પાટણ ખાતે થાય તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના પ્રમુખ ડૉ. **જીતુભાઈ શાહે** પ્રેરક પ્રવચન દ્વારા આત્મિયતાનો સેતુ બનાવ્યો હતો. અતિથી વિશેષ **શ્રી યશવંતભાઈ ઝવેરીએ** હૃદયપૂર્વક આ મંડળની પ્રશંસા કરી હતી અને સંસ્થાના સર્વાંગી વિકાસ માટે તન, મન, ધનથી સાથ આપવા આહ્વાન કર્યું હતું.

આ સાથે અન્ય મહેમાનોમાં **શ્રી ડી. વી. શ્રોફ જૈન વિદ્યાલય**-સુરતના મેનેજીંગ ટ્રસ્ટી **શ્રી સોભાગચંદ ચોકસી** તેમજ મુંબઈથી પધારેલ **શ્રી લલિતભાઈ કે. શાહ અને શ્રી સુરેશભાઈએ** પણ પોતાના મનોભાવ પ્રગટ કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સફળ આયોજન સહમંત્રી **શ્રી નવનીતભાઈ ભોજકે** કર્યું હતું. બોર્ડીંગના જે જે વિદ્યાર્થીઓ સંયમ માર્ગે ગયા છે તેમને યાદ કરી તેઓની અનુમોદના કરી હતી. અંતમાં ખજાનચી **શ્રી મુકેશ બાબુલાલ શાહે** સૌનો આભાર માન્યો હતો. રૂચીકર ભોજનનો સ્વાદ લઈ વિખેરાયા હતા.

## શ્રી ભુવનવિજયજી જૈન પાઠશાળાનો ૭૩માં વર્ષમાં પ્રવેશ

પાટણમાં કનાસાના પાડામાં ચાલી રહેલ **શ્રી ભુવનવિજયજી જૈન પાઠશાળા**ના ૭૨ વર્ષ પૂર્ણ કરીને ૭૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે શ્રી નાગેશ્વર તીર્થનો પાંચ દિવસનો યાત્રા પ્રવાસ કરેલ, જેમાં નીચે મુજબના સહયોગી દાતાશ્રીઓએ લાભ લીધેલ.

**શ્રીમતી શારદાબેન કિર્તીલાલ શાહ** પરિવાર તથા મિત્રો, **શ્રીમતી હીરાબેન પોપટલાલ શાહ** પરિવાર, **બાબુ અમીચંદજી પનાલાલ આદેસર જૈન દેરાસર ટ્રસ્ટ** અને **કુ. રાધિકા કમલ શાહ.**

## શ્રી બી. ડી. સાર્વજનિક વિદ્યાલયમાં વિશિષ્ટ પ્રવચન

**શ્રી પાટણ જૈન મંડળ** સંચાલિત **શ્રી બી. ડી. સાર્વજનિક વિદ્યાલય,** પાટણ ખાતે ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે પૂ. ગુરૂદેવ પંન્યાસશ્રી **મેઘદર્શનવિજયજી મ. સાહેબ**નું વિશિષ્ટ પ્રવચન ગોઠવાયું હતું. જેને યુવા વિદ્યાર્થીઓએ એકરસ બનીને માણ્યું હતું.

જીવનમાં આત્મવિશ્વાસ કેળવવાના ઉપાયો વધારવાની વિવિધ શીખ આપી હતી. કુસંગ બરબાદીનો ગેટ છે તો કલ્યાણમિત્રની સોબત આઝાદીનું પગથિયું છે. તે વાત અનેક દાખલા-દલીલોથી સમજાવ્યું હતું. તેમણે સ્વયં ઉપર ભાર મૂકીને માત્ર સ્કૂલની પરીક્ષા જ નહિ પણ જીવનની પરીક્ષામાં પણ સફળતા મેળવવાના ઉપાયો અસ્ખલિત વાણીમાં રજૂ કર્યા હતા. આચાર્યશ્રી, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ અત્યંત પ્રભાવિત થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન **શ્રી પાટણ જૈન મંડળ**ના સ્થાનિક સંચાલક **શ્રી ધીરુભાઈ પી. શાહે** કર્યું હતું.

## અપરિણીત યુવક-યુવતી પરિચય પુસ્તિકા

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના અપરિણીત યુવક-યુવતીઓની પરિચય પુસ્તિકા કરવા જો પરિવારોએ માહિતી ફોર્મ ભરેલા હતા તેમાંથી કોઈ પણ યુવક-યુવતીની સગાઈ કે વિવાહ થઈ ગયેલ હોય તો તેમણે તેની માહિતી તા. **૨૮-૦૨-૨૦૧૩ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલય ખાતે ફોન નં. ૨૨૮૧૧૩૪૬ ઉપર આપવા ખાસ વિનંતી છે.**

**□ શ્રી પાટણ જૈન મંડળ**

## પાટણના પનોતાપુત્ર પંન્યાસપ્રવર શ્રી મેઘદર્શન વિજયજી મ.સા.ના પદાર્પણથી પાટણ નગરી ધન્ય બની

કનાસાના પાડાના **શ્રી મહાસુખલાલ નેમચંદભાઈ જેશીંગલાલ ડીસાવાળા**ના સુપુત્ર અને પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ચન્દ્રશેખર-વિજયજી મહારાજાના શિષ્યરત્ન **પૂજ્યપાદ પંન્સાપ્રવરશ્રી મેઘદર્શન વિજયજી મહારાજ સાહેબ** પાટણ નગરીમાં પાંચ દિવસ માટે પધાર્યા. સાગર ઉપાશ્રય મધ્યે પ્રવચનનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો તથા રોજ બપોરે સાધુ-સાધ્વીજી ભગવંતની વાચનામાં અદ્ભુત પદાર્થો પીરસાયા.

## પ્રભુભક્તિ અભિયાનનું વિશિષ્ટ આયોજન

સમગ્ર પાટણના જિનાલયોમાં રહેલી સઘળી જીનપ્રતિમાઓની પૂજા થાય, આશાતના અટકે, પુણ્યનું ઉપાર્જન કરીને સૌ શાશ્વત સુખના ભોક્તા બને તે માટે પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ ભાવભરી પ્રેરણા કરી. મહા વદ પાંચમ, તા. ૨-૩-૨૦૧૩ થી આ પ્રભુભક્તિ અભિયાન શરૂ થશે. દર રવિવારે નક્કી કરેલા બે થી ચાર દેરાસરની સાફસુફી તથા પુજાભક્તિ પ્રભુક્તો કરશે. આ રીતે ૧ વર્ષના સમયમાં સર્વે જિનાલયોના તમામ પ્રભુજીની ભક્તિ થશે.

આ આયોજનમાં સહભાગી થવા ઈચ્છતા પાટણ નિવાસી તમામ બાળકો, યુવાનો તથા ભાઈ-બહેનોએ ફોર્મ ભરીને રૂા. ૧૦૦/- ડિપોઝીટ સાથે પરત કરી પ્રભુભક્તિ અભિયાન આઈ. કાર્ડ મેળવી લેવું, ૧ વર્ષમાં તમામ પ્રતિમાજીઓની પૂજા કરનારા તેમજ પ્રભુભક્તિ અભિયાનમાં જોડાયેલા પ્રભુભક્તોનું રૂા. ૧૦૦૦/- થી બહુમાન કરાશે. તથા તેમની ડિપોઝીટ રૂા. ૧૦૦/- પરત કરાશે. આ આયોજનનો સંપૂર્ણ લાભ કુંભારીયાપાડાના **સંઘવી લીલાવતીબેન કાંતિલાલ ડાહ્યાચંદ મશરૂવાલા** પરિવારે લીધો છે.

ફૉર્મ તથા કાર્ડ મેળવવા માટે સંપર્ક :

**ધીરૂભાઈ-૦૯૪૨૯૦૧૬૬૬૫, વિક્રમભાઈ-૦૯૪૨૭૦૬૦૬૦૩, દિલીપભાઈ-૦૯૮૨૪૯૬૭૮૦૪, રમણિકભાઈ-૦૯૯૭૮૪૫૦૫૯૪.**

## ગરમ પાણીનો પ્રયોગ

૬૫ વર્ષની ઉપરના વડિલોની મુખ્ય સમસ્યા છે શારિરીક તંદુરસ્તીની. એમ કહેવાય છે કે બધા રોગોની જડ પેટમાં છે. સવારે પેટ સાફ ન આવે તો આખો દિવસ બગડે છે.

મને પણ કબજીયાતની તકલીફ ઘણાં વખતથી છે. ઈસબગુલ શરૂ કરેલું પણ બહુ ફાયદો ન થયો. પછી સાંભળવામાં આવ્યું કે પાણી પ્રયોગ કબજીયાત માટે બહુ અકસીર છે. એટલે સવારે ઊઠીને ૩ ગલાસ પાણી પીવાનું શરૂ કર્યું. મારો શરદીનો કોઠો છે. એટલે નવ શેકું ગરમ પાણી શરૂ કર્યું. આનાથી ઘણો ફાયદો થયો છે. ગરમ પાણીનું આપણાં ધર્મમાં ઘણું મહત્ત્વ છે. આપણાં ગુરૂભગવંતો પણ ઉકાળેલું પાણી વાપરે છે.

ચીનમાં લોકોની તંદુરસ્તી આપણા કરતાં સારી છે. તેનું એક કારણ એ પણ છે કે એ લોકો ગરમ પાણીની બાટલી પોતાની પાસે રાખે છે. અને એ પાણી પીએ છે. ટ્રેનમાં તથા રસ્તામાં ઘણી જગાએ ગરમ પાણીની સગવડ સરકાર તરફથી રાખેલી હોય છે.

**☐ શ્રી જશવંતલાલ મણિલાલ શાહ**

### વસતીપત્રક ફોર્મ

વસતીપત્રકનું ફોર્મ ભરાઈને આવેલ નથી. તેવા પરિવારોને પુનઃ વિનંતી કરવામાં આવે છે કે, **મોડામાં મોડું તા. ૧૦-૦૩-૨૦૧૩ સુધીમાં વસતીપત્રક માહિતી ફોર્મ ભરીને મોકલી આપશો.** ત્યારબાદ આવેલ માહિતી ફોર્મની વિગતોનો વસતીપત્રકમાં સમાવેશ કરી શકાશે નહિ,

**☐ શ્રી પાટણ જૈન મંડળ**


**સરનામુ ફેરફાર**

**Shri Pravinchandra Navinchandra Shah**
(Patan -- Mallat no Pado)
A-903, Gokul Vridavan, Iranivadi Road No. 2,
Opp. Asian Bakery, Kandivali (West),
Mumbai-400 067.
**Phone: Resi : 2806 4672. Mobile : 9324364672.**

Advt.

**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ** ●

ADVT

# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની છત્રછાયામાં નિર્માણાધિન 'પ્રવચન શ્રુતતીર્થ'

સિદ્ધહસ્ત લેખક પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ. સા.** પ્રેરિત તથા શ્રુતરક્ષા સંકલ્પશિલ્પી **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય યુગચંદ્રસૂરીશ્વરજી મ. સા.**ના માર્ગદર્શન હેઠળ **'પ્રવચન શ્રુતતીર્થ'** શ્રુતજ્ઞાનના સંવર્ધનનું ભવ્ય આયોજન પ્રત-શ્રુતને કેન્દ્રમાં રાખી ૪.૩૫ લાખ ચોરસ ફૂટની વિશાળ ભૂમિ ઉપર આકાર પામી રહ્યું છે. આ સંપૂર્ણ સંકુલ રૂા. ૨૫ કરોડના ખર્ચે તૈયાર થશે.

જિનશાસનમાં સર્વશ્રેષ્ઠ એવા 'પ્રવચન શ્રુતતીર્થ' મધ્યે ભવ્યાતિભવ્ય સમવસરણ તથા શ્રુતમંદિર આદિના ભૂમિપૂજનનો પ્રસંગ વિ. સં. ૨૦૬૮ના જેઠ વદ ૧૧ ને શુક્રવાર તા. ૧૫-૦૨-૨૦૧૨ના શંખેશ્વર મુકામે પ્રસંગની પૂર્વસંધ્યાએ અનેક વિટંબણા અને મેઘતાંડવ છતાં હેમખેમ રીતે **પંડીતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ સંઘવી તથા વિધિવિધાન શાસ્ત્રી શ્રી રઘુનાથભાઈ** દ્વારા રંગેચંગે સંપન્ન થયો.

સંગીતકાર બેલડી **શ્રી નિરવ-નિકુંજે** સંગીત સલામી આપી હતી અને **શ્રી ગિરીશભાઈ શાહે** રંગમંચ સંચાલન કર્યું હતું. **શ્રી બચુભાઈ શાહ,** શંખલપુર તીર્થના પ્રમુખ **શ્રી પ્રબોધભાઈ શાહ,** સમસ્ત મહાજનના પ્રમુખ **શ્રી ગિરીશભાઈ, શ્રી સંજયભાઈ કોઠારી,** સુરેન્દ્રનગરના ધારાસભ્ય **શ્રીમતી વર્ષાબેન દોશી,** અમદાવાદના ધારાસભ્ય **શ્રી રાકેશભાઈ**, પાટણના કલેક્ટર **શ્રી જી. જે. હીંગળાજીયા, શ્રીમતી કલ્પનાબેન શાહ,** વાપીથી **શ્રી દેવેન્દ્રભાઈ જૈન,** રખેવાળના તંત્રી **શ્રી તરુણભાઈ શેઠ, શ્રીમતી મીનાબેન ઝવેરી** વિગેરે મહાનુભાવોએ ભૂમિપૂજન કરેલ.

સમવસરણ મંદિરની કર્મશીલાનો સૌપ્રથમ શીલાસ્થાપન લાભ પાટણ (વાસુપુજ્ય શેરી) નિવાસી શ્રેષ્ઠિવર્ય **શ્રી બચુભાઈ પોપટલાલ શાહ** તથા **શ્રી સંજયભાઈ ભરતભાઈ કોઠારી**એ લીધો હતો. જેમનું સન્માન શ્રી સંઘ દ્વારા અંતરના ઉત્કૃષ્ઠ આવિર્ભાવ સાથે કરવામાં આવ્યું હતું. **શ્રી બચુભાઈ પોપટલાલ શાહ**ને શ્રુતતીર્થના પ્રમુખ તથા **શ્રી સંજયભાઈ કોઠારી**ને ટ્રસ્ટી તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

ઉપર્યુક્ત શ્રુતતીર્થ જ્ઞાનકેન્દ્રમાં હાથબનાવટના કાગળ પર કેમિકલ રહિત શાહીથી તજીયાબરૂ કલમથી કુશળ લહિયાઓ અને લેખકો દ્વારા કલ્પસૂત્ર, જિન આગમો, રામાયણ, મહાભારત, ગીતા-વેદ-પુરાણ જેવા ધર્મગ્રંથો લખાશે. હાલમાં લહિયાઓ મુંબઈ, ઉંચગાવ, ઉન્નાવ, શુક્લાગંજ, રાયબરેલી, પાટણ (ઉ. ગુ.) વિગેરે વિવિધ સેન્ટરોમાં શ્રુત લખવાનું કાર્ય થઈ રહેલ છે. મુંબઈ ખાતેના મુખ્ય કાર્યાલયમાં સઘળા સેન્ટરનું સંપૂર્ણ કામકાજ **શ્રી બચુભાઈ પોપટલાલ શાહ**ની અંગત જવાબદારી અને દેખરેખ હેઠળ થઈ રહ્યું છે.

આ નૂતન શ્રુતતીર્થમાં તમામ ધર્મગ્રંથોનો સંગ્રહ કરી લેખન, સંપાદન, પીએચ.ડી. તથા રિસર્ચના માધ્યમથી ધર્મ અને જીવન વચ્ચે તાળમેળ સાધી આપતી બાબતોનું જ્ઞાન અપાશે. અંદાજીત ૫૦ હજાર ગ્રંથોને હસ્તલિખિત કરવાના કામમાં હજારો લહિયાઓને આજીવિકા પ્રાપ્ત થશે. ઈકો ફ્રેન્ડલી વ્યવસ્થાને પુનર્જીવિત કરવા માનવશક્તિનો ઉપયોગ કરી કોઈ પણ પ્રકારના ઈલેક્ટ્રોનિક સાધનો વપરાશે નહીં.

શ્રુતમંદિરના વિશાળ હોલમાં (લહિયા ભવન) એકસાથે ૨૦૦ લહિયાઓ બેસી લખી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. આ લહિયા ભવન બાંધવાનો સંપૂર્ણ લાભ **શ્રીમતી કલ્પનાબેન** તથા **શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહે** લીધેલ છે. ૧૧ ફૂટની ઊંચાઈ ધરાવતી મા સરસ્વતીની મૂર્તિ શ્રુતમંદિરનું અનેરૂં ઘરેણું બની રહેશે. ૨૫૦૦ વર્ષના ઇતિહાસને ચિત્રો તથા ચલરચનાઓ દ્વારા પ્રદર્શિત કરાશે. જૈન સાધુ-સાધ્વીજીઓ તેમ જ શ્રાવક-શ્રાવિકાઓને સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ, કાવ્ય, કોશ, ન્યાય વિગેરેનું તલસ્પર્શી જ્ઞાન આપવા વિદ્યાપિઠ શરૂ કરવામાં આવશે. પ્રેરણાદાતા ગુરુભગવંતો વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ. સા. તથા પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ. સા. છેલ્લા ૧૦ વર્ષોથી શ્રુતરક્ષા કાર્ય માટે માર્ગદર્શન આપી રહ્યા છે. **શ્રી બચુભાઈ, શ્રી સંજયભાઈ, શ્રી કેતનભાઈ** વિગેરે આ કાર્યને ખંતપૂર્વક આગળ ધપાવી રહ્યા છે.

આ પ્રવચન શ્રુતતીર્થમાં શ્રુતમંદિર, સરસ્વતી પીઠ, સૂરીમંત્ર મંદિર, ગુરુમંદિર, માણિભદ્રવીરની દેરી, ધર્મશાળા, શ્રાવક-શ્રાવિકા ઉપાશ્રય, આરાધના ભવન, ભોજનશાળા, તીર્થપેઢી, શીતલ પાણીની પરબ, કેવળાન વૃક્ષવાટિકા, ઔષધિવન, આધ્યાત્મ કેન્દ્રનું નિર્માણ કરવામાં આવશે. **આ ઉપરાંત અન્ય એક મહાનુભાવ દાતાશ્રી તરફથી ૧૫૦ એકર જમીન આ ટ્રસ્ટને ભેટ આપવામાં આવેલ છે.** વધુ વિગત માટે સંપર્ક :

પ્રવચન શ્રુતતીર્થ, શંખેશ્વર-વિરમગામ હાઈ-વે, મુ. શંખેશ્વર, તા. સમી, જિલ્લો પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૪૬.મોબાઈલ : ૭૫૬૭૯૧૪૪૦, ૯૦૧૬૭ ૪૮૮૮૬.

## શુભ વિવાહ

| તિથિ | વાર | તારીખ | વડીલ | પુત્ર/પુત્રી | મહોલ્લો |
|---|---|---|---|---|---|
| માગસર વદ-૨ | રવિવાર | તા. ૩૦-૧૨-૨૦૧૩ | શ્રી શ્યામભાઈ ચૌધરી | **ચિ. અક્ષય** | (—) |
| | | | શ્રી નરેશભાઈ બાબુલાલ શાહ | **ચિ. રોશિની** | (કુંભારીયા પાડો) |
| માગસર વદ-૯ | રવિવાર | તા. ૦૬-૦૧-૨૦૧૩ | શ્રી ભરતભાઈ નેમંદ શાહ | ચિ. **હર્ષ** | (કુંભારીયા પાડો) |
| | | | શ્રી અનિલભાઈ મણીલાલ શાહ | ચિ. **લજ્જા** | (—) |
| પોષ સુદ-૧૧ | મંગળવાર | તા. ૨૨-૦૧-૨૦૧૩ | શ્રી ઉમેશભાઈ શાંતિલાલ શાહ | **ચિ. મિલન** | (પોળની શેરી) |
| | | | શ્રી સતિષભાઈ અમૃતલાલ શાહ | ચિ. **અમિષા** | (મહાલક્ષ્મી માતાનો પાડો) |
| પોષ સુદ-૧૨ | બુધવાર | તા. ૨૩-૧-૨૦૧૩ | શ્રી રવિન્દ્રભાઈ થાવરમલજી સીંગોડીયા | **ચિ. તરૂણ** | (—) |
| | | | શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ | **ચિ. કૃતિ** | (ડંક મહેતાનો પાડો) |
| પોષ વદ-૪ | ગુરૂવાર | તા. ૩૧-૧-૨૦૧૩ | શ્રી દિપકભાઈ ગુલાબચંદ ઝવેરી | **ચિ જીગર** | (—) |
| | | | શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતીલાલ દેવડાવાળા | **ચિ. ચૈતાલી** | (લીમડીનો પાડો) |
| પોષ વદ-૫ | શુક્રવાર | તા. ૧-૨-૨૦૧૩ | શ્રી પ્રકાશભાઈ ભગવાનદાસ શાહ | **ચિ. વિશાલ** | (કનાસાનો પાડો) |
| | | | શ્રી રમણલાલ ચુનીલાલ શાહ | **ચિ. શૈલી** | (—) |

## શ્રદ્ધાંજલિ

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ અને દાતા **શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ** (કોકાનો પાડો)નું ૭૧ વર્ષની જૈફ વયે તા. ૧૪-૦૨-૨૦૧૩ ના દિને થયેલ દુઃખદ નિધનની સખેદ નોંધ લેતાં, મંડળ અને સમાજે ઊંડી આઘાતની લાગણી અનુભવી છે.

સૌમ્ય, સૌજન્યશીલ, વાત્સલ્યમયી હૈયાના કારણે સૌ સાથે તેઓ આત્મીય સંબંધો સિંચી અને સાચવી શક્યા હતા. મંડળની વ્યવસ્થાપક સમિતિના સભાસદ તરીકે જોડાયા બાદ, મંડળની દરેક પ્રવૃત્તિઓમાં દિવંગતશ્રીએ જીવનના અંત સુધી સક્રિય વિચારધારા, આર્થિક યોગદાન તથા પ્રેરણાદાયી માર્ગદર્શન થકી અનુમોદનીય સેવાઓ આપી હતી. તેઓશ્રીના પરિવાર દ્વારા સમાજ પ્રત્યેની નિષ્ઠા અને જરૂરતમંદોને વૈદકીય ક્ષેત્રે સહાયક થવાના ઉમદા અભિગમથી **'કેન્સર મેડિકલ રિલીફ યોજના'**ના સહયોગી દાતા તરીકે જોડાવા ઉદાર સખાવત પ્રાપ્ત થયેલ. મક્કમ વિચારધારા અને સરળ સ્વભાવી પૂજ્યશ્રીના નિધનથી સમાજને ન પુરાય તેવી ખોટ પડેલ છે.

પૂજ્યશ્રીના વિશાળ પરિવાર પર આવી પડેલ દુઃખમાં શ્રી પાટણ જૈન મંડળના સર્વે હોદ્દેદારો, મેનેજિંગ કમિટીના સભ્યો સદ્‌ગતશ્રીને શ્રદ્ધાંજલિ અર્પતાં અત્યંત દુઃખની લાગણી અનુભવી શોક પ્રદર્શિત કરે છે.

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતશ્રીના આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**❑ શ્રી પાટણ જૈન મંડળ**

## ૪૫ વર્ષથી વધુ વયનાઓ માટે ક્રિકેટ મેચ

મંડળની સ્પોર્ટસ સમિતિ દ્વારા સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટે એક દિવસીય પ્રદર્શન મેચનું આયોજન રવિવાર, તા. ૧૭–૩–૨૦૧૩ના રોજ ગોરેગાંવ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ પોતાનું પૂરું નામ, ઉંમર, પાટણનો મહોલ્લો, રહેઠાણ વિસ્તાર,મોબાઈલ નંબર સહિતની વિગતો તા. ૯–૩-૨૦૧૩ સુધીમાં મંડળના મરીન ડ્રાઈવ તથા ગોરેગામ ખાતેના કાર્યાલયમાં રૂા. ૧૦૦/- રીફન્ડેબલ ડિપોઝિટ ભરી નોંધાવવા વિનંતી છે. જે મેચ પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે.

મેચનો પૂર્ણ આનંદ મેળવી શકાય એવા શુભ આશયથી આપ બેટીંગ, બોલીંગ, ફિલ્ડીંગ, વિકેટ કીપીંગ વગેરેમાંથી જે ક્ષેત્રે વધુ પાવરધા હો તે ખાસ જણાવશો. જેથી સુયોગ્ય ટીમોની ગોઠવણી કરી શકાય.

**❑ સ્પોર્ટસ સમિતિ**

## દિશા વિકલાંગ ઉત્કર્ષ સમિતિ

ભાભાના પાડામાં મહોત્સવ વખતે દિશાનો સ્ટોલ મૂકવામાં આવ્યો હતો. તે વખતે વેચાણ પણ સારું થયું હતું.

આપણી દિલ્હી-આગ્રા-હસ્તિનાપુર યાત્રા-પ્રવાસની માહિતી આપવા માટે શ્રી જે. કે. શાહ તરફથી ગેટ-ટુ–ગેધરનું આયોજન હિન્દુ જિમખાનામાં તા. ૧૨-૦૧-૨૦૧૩ના રાખવામાં આવ્યું હતું. તેમાં લગભગ ૭૫ વ્યક્તિઓએ લાભ લીધો હતો અને હાઉસીની રમત સાથે સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યો હતો.પાટણ ખાતે ખાસ બાળકો માટે યોજાયેલ રમત-ગમત સ્પર્ધામાં 'દિશા'ના બધાજ બાળકોએ ભાગ લીધો હતો અને પારસ પટેલને રાજ્ય સ્તરે ટેનિસ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ અને રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયા હતા. કાર્યશાળાની આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન.

## શ્રદ્ધાંજલિ

**સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના!**

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશાશ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | ચેતન પ્રતાપભાઈ શાહ | ૫૩ | પોર્ટલેન્ડ USA | ૨૨-૧૨-૧૨ | માગસર સુદ-૧૦ |
| વિશાશ્રીમાળી | શાંતિનાથની પોળ | હર્ષાબેન વિનોદચંદ્ર શાહ | ૬૩ | મુંબઈ-મલુંડ | ૧૮-૦૧-૧૩ | પોષ સુદ-૦૭ |
| વિશાઓસવાળ | મારફતિયા મહેતાનો પાડો | પરાગ પ્રવિણચંદ્ર શાહ | ૫૧ | મુંબઈ-જૂહુસ્કીમમ | ૧૯–૦૧–૧૩ | પોષ સુદ-૦૮ |
| વિશાશ્રીમાળી | ખેતરવશી | મહાસુખલાલ સોભાગચંદ શાહ* | ૮૫ | મુંબઈ-બોરીવલી | ૨૮–૦૧–૧૩ | પોષ વદ-૦૧ |
| વિશાપોરવાલ | ખજુરીનો પાડો | ચંદ્રિકાબેન કાંતિલાલ શાહ | ૯૦ | મુંબઈ-કાંદિવલી | ૩૦–૦૧–૧૩ | પોષ વદ-૦૩ |
| — | મહાલક્ષ્મી માતાનો પાડો | અનુજ બાબુલાલ ઝવેરી | ૫૬ | મુંબઈ-મીરારોડ | ૦૬-૦૨-૧૩ | પોષ વદ-૧૧ |
| વિશાશ્રીમાળી | કનાસાનો પોડો | મહાસુખભાઈ નેમચંદભાઈ શાહ (ડીસાવાળા) | ૮૪ | મુંબઈ-ગોરેગામ | ૦૮-૦૨-૧૩ | પોષ વદ-૧૩ |
| સાલવી | સાલવીવાડો | પોપટલાલ પ્રાણજીવનદાસ સાલવી | ૯૨ | સુરત | ૦૮-૦૨-૧૩ | પોષ વદ-૧૩ |
| વિશાશ્રીમાળી | શાંતિનાથની પોળ | ચંદ્રાબેન રતિલાલ શાહ(પાલેજવાળા) | ૮૯ | મુંબઈ-અંધેરી | ૦૯-૦૨-૧૩ | પોષ વદ-૧૪ |
| વિશાપોરવાલ | લખીયારવાડો | સુશીલાબેન લલિતકુમાર શાહ | ૮૧ | મુંબઈ-ગોવાલિયા ટેંક | ૧૨-૦૨-૧૩ | મહા સુદ-૦૨ |
| દશાશ્રીમાળી | કોકોનો પાડો | કીર્તિલાલ સોમચંદ શાહ | ૭૧ | મુંબઈ-બોરીવલી | ૧૪-૦૨-૧૩ | મહા સુદ-૦૪ |
| વિશાપોરવાલ | અબજી મહેતાનો પાડો | કુસુમબેન ચંદુલાલ શાહ | ૮૬ | મુંબઈ-મલબારહીલ | ૧૪-૦૨-૧૩ | મહા સુદ-૦૪ |

*** ચક્ષુદાન કરેલ છે. ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ● દેહદાન કરો અને કરાવો**



*

# સાભાર સ્વીકાર

**મંડળના વિવિધ ફંડો તથા પ્રવૃત્તિઓમાં સ્વૈચ્છિક રીતે, ભેટ આપવા બદલ સર્વે શુભેચ્છકોનો હાર્દિક આભાર**

**શ્રીમતી સુધાબેન પન્નાલાલ ચુડઘર મેડિકલ રિલિફ ફંડ**

૫૦૦૦૦૦ મફતલાલ ચુડઘર ચેરિટેબલ ટ્રસ્ટ (ચોધરીની શેરી)
મે. કાંતિલાલ મણિલાલ એન્ડ કાું. પરિવાર

**મેડિકલ સહાય કોરપસ ફંડ**

૧૦૦૦૦૦ શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) કનાસાનો પાડો

૧૦૦૦૦૦ શ્રીમતી દીનાબેન ભાગ્યેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) કનાસાનો પાડો

**વિદ્યાલય ડેવલપમેન્ટ કોરપસ ફંડ**

૩૦૦૦૦૦ શાહ ફેમિલી ટ્રસ્ટ
હસ્તે : શ્રી નેમીભાઈ કેતનભાઈ શાહ (ઢંઢેરવાડો)
(પાણીની પરબ માટે રૂા. પાંચ લાખની સહાય પેટે)

**શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૬૦૦૦૦ શ્રીમતી અરૂણાબેન મુલચંદભાઈ શાહ (કનાસાનો પાડો)
હસ્તે : શ્રી દ્રુપદભાઈ મુલચંદભાઈ શાહ
શ્રીમતી અરૂણાબેન મુલચંદભાઈ શાહ તથા
શ્રી મુલચંદભાઈ નાનાલાલ શાહના સર્વાંગ સુંદર લગ્ન જીવનના ૬૦ વર્ષ પૂર્ણ થયા નિમિત્તે

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૬૦૦૦૦ શ્રી મુલચંદભાઈ નાનાલાલ શાહ (કનાસાનો પાડો)
હસ્તે : શ્રી દ્રુપદભાઈ મુલચંદભાઈ શાહ
શ્રીમતી અરૂણાબેન મુલચંદભાઈ તથા
શ્રી મુલચંદભાઈ નાનાલાલ શાહના સર્વાંગ સુંદર લગ્ન જીવનના ૬૦ વર્ષ પૂર્ણ થયા નિમિત્તે.

**શિક્ષણ સહાય તથા દવા સહાય ભેટ**

૫૦૦૦૦ શ્રીમતી દીનાબેન સુરેશભાઈ શાહ (અબજી મહેતાનો પાડો)
હસ્તે :ડૉ. આશિષભાઈ તથા મનિષભાઈ સુરેશભાઈ શાહ . સ્વ. ડૉ. શ્રી સુરેશભાઈ મનસુખલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧૨૦૦૦ શ્રી લક્ષ્મીદાસભાઈ દામોદરદાસ
હસ્તે : શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ (કનાસાનો પાડો)
ચિ. યુવીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે, દિશા કાર્યશાળાના બાળકોને દર બેસતા મહિને ભોજન માટે

**શિક્ષણ સહાય ભેટ**

૫૦૦૧ શ્રી જયેશભાઈ સુરેશચંદ્ર જૈન (શાંતિનાથની પોળ)
ચિ. હર્ષિત C.A. તથા C.S. પરીક્ષામાં ઉત્તીર્ણ થયાની ખુશાલીમાં

૨૫૦૦ શ્રી મહાસુખલાલ ચીમનલાલ શાહ (કનાસાનો પાડો)
પૌત્ર ચિ. વિશાલ પ્રકાશભાઈ શાહના લગ્ન નિમિત્તે

૧૦૦૦ શ્રી પ્રકાશભાઈ રતીલાલભાઈ શાહ (મણિયાતી પાડો)
ચિ. સૌરભ તથા નિખીલ પ્રકાશભાઈ શાહ સી.એ. પાસ થયાની ખુશાલીમાં.

**વૃદ્ધજન સહાય, દવા સહાય, હેલ્થકેર સાધન, શિક્ષણ સહાય, વિકલાંગ ઉત્કર્ષ, આર્થિક સહાય ભેટ**

૬૦૦૦ શ્રીમતી કુસુમબેન ચંદુલાલ શાહ (અબજી મહેતાનો પાડો)

**દવા સહાય ભેટ**

૧૧૦૦૦ શ્રી અરવિંદભાઈ ભીખાભાઈ શાહ (કનાસાનો પાડો)

૧૧૧૧ શ્રી અશ્વિનભાઈ અંબાલાલભાઈ શાહ (લખીયાર વાડો)
શ્રીમતી ઉષાબેન અશ્વિનભાઈ શાહની શત્રુંજય તીર્થની ૯૯ યાત્રા નિમિત્તે

૧૧૦૦ શ્રીમતી નીનાબેન કમલેશકુમાર શાહ (ઝવેરી વાડો)
ચિ મેઘાને ત્યાં પુત્ર જન્મ થયાની ખુશાલીમાં

**વૃદ્ધજન સહાય ભેટ**

૧૦૦૦ સ્વ. શ્રી મહાસુખલાલ નેમચંદ શાહ (ડીસાવાળા)ના સ્મરણાર્થે (કનાસાનો પાડો )

**હેલ્થકેર સાધન ભેટ**

૭૫૦૦ શ્રીમતી સુધાબેન શ્રી બસ્તીમલ જૈન
૪૫૦૦ શ્રી જી. ડી. નાયક
૪૦૦૦ શ્રીમતી દીપીકાબેન મહેન્દ્રભાઈ શાહ
૨૭૦૦ શ્રીમતી લીલાવતીબેન ચંદુલાલ શાહ
૨૧૦૦ શ્રીમતી રાજીબેન બસ્તીમલ પરમાર
૨૦૦૦ શ્રી મહેન્દ્રભાઈ બી. શાહ
૧૫૦૦ શ્રી મહંમદ સફીકખાન
૧૦૦૦ શ્રીમતી ગૌરીબેન એન. વ્યંકટેશ
૧૦૦૦ શ્રીમતી વસંતબેન રાયચંદભાઈ શાહ
૧૦૦૦ શ્રી પ્રવિણચંદ્ર હીરજીભાઈ શાહ

## શ્રી પાટણ જૈન મંડળ

**પ્રોગ્રામ સમિતિ આયોજિત**

**શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા પ્રેરિત**

## છવ્વીસમો સમૂહલગ્ન સમારોહ

**શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે છવ્વીસમા સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંક :** સંવત–૨૦૬૯, વૈશાખ સુદ–૨
રવિવાર તા. ૧૨–૦૫–૨૦૧૩. **સમય :** સાંજના

સમૂહ લગ્નમાં જોડાવા અંગેના ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા.

**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૬–૦૩–૨૦૧૩ છે.**

**વધુ માહિતી માટે સંપર્ક :**

**શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય–૨૨૮૧૧૩૪૬**

**☐ પ્રોગ્રામ સમિતિ**

PATAN PRATIBIMB ● FABRUARY 2013 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th or 26th of every month. Regd. No. MH / MR/ South–135 / 2012–14
Published on 15th of every month

Extending helping hand in the education, selfreliance & medical requirements of the needy members of the society with the co-operation of sincere, elite, affluent & compassionate donors of the community

## SHREE PATAN JAIN MANDAL

## SAMAJ VIKAS FUND

A NOVEL & UNIQUE CONSTRUCTIVE APPROACH

### MUKHYA DATA

- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah, By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah, By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri By : Shri Hitenbhai Pravinchandra Shah
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Shri Mafatlal Chudghar Cheritable Trust, Chodhrini Sheri
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah, By : Shri Jitenbhai, Kanasano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri

### ADHARSTHAMBH DATA

- Shri Hitenbhai Champaklal Shah (Vimawala), Khetarvasi
- Shri Pravinchandra Vrujlal Shah (Mantri) By: Shri Viresh Pravinchandra Shah, Kanasano Pado
- Shri Hemantbhai Kantilal Salvi, Salvi Vado
- Shri Shantilal Rikhavchand Shah, Kokano Pado
- Shri Navinbhai Nemchandbhai Shah (Gunderwala), Vasupujyani Sheri
- Shri Navinchandra Khubchand Shah, Dhandhervado
- Smt. Pushpaben Sevantilal Shah, Dank Mahetano Pado
- Shri Sudhirbhai Navinchandra Shah, Marfatiya Mahetano Pado
- Shri Mahasukhlal Keshavlal Shah, By: Shri Pankajbhai, Shri Rohitbhai, Shri Bharatbhai (Marfatiya Mahetano Pado)
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty. In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado

### SAMAJ VIKAS FUND SAHAYAK DATA

- Shri J. K. Shah, Bhabhano Pado
- Shri Vinodbhai Hiralal Shah (Ladiwala), Kanasano Pado
- Smt. Vimlaben Bhogilal Shah (Jafujiwala), Tamboli Vado
- Smt. SushilabenVarjivandas Shah, Khajurino Pado
- Shri Shirishbhai Mafatlal Shah, Panchoti Pado
- Shri Sureshbhai Shantilal Shah, Kokano Pado

## LAND AND BUILDING FUND

**Late Smt. Gitaben Rakeshbhai Shah - Rs. 2 Crores**

## *REVOLVING FUND : Target Rs. 5 Crores*

**To provide interest free Educational Loan**

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 15 Lakhs |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | Rs. 10 Lakhs |
| **Late Smt. Jasudben Jamnadas Jhaveri & Late Jamnadas Umedchand Jhaveri (Dhandher Wado)** By Late Saraswatiben Jamnadas Jhaveri through her will | Rs. 10 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |
| **Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado** | Rs. 5 Lakhs |
| **Smt. Gulabben Chimanlal Valamji Choksi** By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado) | Rs. 5 Lakhs |
| **Dr.Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni** (Manmohanji ni Sheri) | Rs. 5 Lakhs |
| **Smt. RohinibenVikrambhai Shah**(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben | Rs. 5 Lakhs |
| **Late Smt. Kamalaben & Shri Kantilal Prabhudas Jhaveri** (Dhandher Vado) By Shri Samir Chandrakant Jhaveri | Rs. 5 Lakhs |

## MEMORIAL FUND

| Name of the donor | Amount of donation |
|---|---|
| ● Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | **Rs. 8 Crores** |
| ● Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | **Rs. 10 Lakhs** |

The donors donating in **MEMORIAL FUND** through their will -- it can be utilised for special activities of the **MANDAL**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.